


"સાંભળ્યા જેટલી સાહેબને..!?"

"કેમ એવું શું બોલ્યા છે..?! કે ચર્ચા કરવી પડે..!!"

"સાહેબ જેટલી સાહેબે એમ કહ્યું કે, વિકાસ જોઈતો હોય તો થોડી મોંઘવારી ચલાવવી પડશે..!!"

"તેમાં ખોટું શું છે..?! તમારે સુખ-સુવિધાઓ જોઈતી હોય તો કરવેરા તો ભરવા જ પડશે ને..?! આ તો બુલેટટ્રેન પણ જોઈએ છે ને ટેક્ષમાંય રાહત જોઈએ છે..!! સોંઘવારી જોઈએ... સુવિધા જોઈએ... વિકાસ જોઈએ... બધુ તો સાથે ના હોયને ભાઈ..?!"

"સાહેબ કમર તોડી નાંખે એવી મોંઘવારી કેવી રીતે સહન થાય..? બુલેટ ટ્રેન નહિં હોય તો ચાલશે પણ રસ્તા તો સરખા જોઈશે ને... અને એ રસ્તા ઉપર વાહન ચલાવવા પેટ્રોલ પોષાય એવા ભાવે જોઈશેને..?!"

"હા જોઈશે... જોઈશે..! તમારે તો જે નથી એના જ બરાડા પાડવાના ને..! છે એનો મહિમા તો ક્યાં છે જ..!!"

"સાહેબ એમ વાત ઉડાવી ના દો..! કરોડો રૂપિયા સરકારી તાયફામાં ખર્ચાય છે એના બદલે આઠ-દસ નવી ફેક્ટરીઓ જો ઉભી કરાઈ હોત તો કેટલાને રોજગારી મળી હોત..?! પણ તમારે તો ઉત્સવ અને ઉત્સવ..!! પ્રજાને ઉજવણીના નશામાં રાખો... અને તમારા તિકડમ ચલાયે રાખો, આમાં તમને ફાવટ આવી ગઈ છે..!! વાહ વાહી સિવાય કર્યુ શું..?! એ તો બતાવો..!!"

"સાવ ખોટો આક્ષેપ છે..!! તમારા શહેરના રોડ જુઓ... મહાનગરોની ઈમારતો જુઓ... સર્કલોનો વિકાસ જુઓ..! પ્રવેશોત્સવ જુઓ... ગુણોત્સવ જુઓ..!!"

"...હા... જોયું, જોયું, બધું જ જોયું..! કેન્દ્ર સરકારના આંકડા જ જુઓ ને..! શિક્ષણમાં ગુજરાત કયા સ્થાને હતુ ને ક્યાં પહોંચ્યું છે... મુડીરોકાણમાં ગુજરાત ક્યાં હતું ને ક્યાં પહોંચ્યું છે... અપરાધીકરણમાં ગુજરાત ક્યાં હતું ને ક્યાં પહોંચ્યું છે...! બધુ બોલાવશો નહિ સાહેબ... બાંધી મુઠ્ઠી સવાલાખની..!!"

"તમે હવે કહેવામાં શું બાકી રાખ્યું છે..?! પ્રજા પાસે ઉપજતું નથી એટલે આક્ષેપો કરો છો..! પણ સત્ય એ સત્ય જ રહેવાનું છે..! આ ગાંધીનું ગુજરાત છે..! અહીં સત્યનો જ વિજય થાય છે..!"

"હવે રહેવા દો, ગાંધીજીના નામે ખીચડી પકાવવાની છોડી દો..!! ગાંધીજીની જન્મ જયંતિએ પોરબંદરમાં તમારા નેતાઓ સમયસર ન પહોંચે એટલે પ્રાર્થનાસભા મોડી કરો... કેવો પ્રેમ તમારો ગાંધીજી પરનો..!! તમારી અગ્રતા શું છે એ ખુલ્લી પડી ગઈ છે..! મહાત્મા ગાંધી કે ગાંધીના નામે રાજનીતિ..!!"

"ઓ...હો...હો... તમે તો રજનુ ગજ કરી નાંખ્યું..!! કલાક-દોઢ કલાક અમારા નેતા મોડા પહોંચ્યા એમાં તો તમે કેટલુ બધુ સંભળાવી દીધું... એવો કોઈ ઈરાદો ના હોય મોડા પહોંચવાનો..!!" આ તો કાગને બેસવું ને ડાળને પડવા જેવો ઘાટ છે..!!"

"સાહેબ ઈરાદાની વાત નથી... પરંપરાની વાત છે... પરંપરા જાળવવી એ આપણી જવાબદારી છે અને આના પર રાજનીતિ પણ ના હોવી જોઈએ. ભુલ એટલે ભુલ જ છે..!"

"હા ભાઈ હા..! હવે ધ્યાન રખાશે... એવું તો કહ્યું ને અમારા

● અનુસંધાન પાન-૭ પર





પેથાપુર બંધ - એસ.ટી. ગામમા નહિ આવતા પેથાપુર ગામના વેપારી એકમોએ જડબેસલાક બંધ પાળ્યો હતો... સ્વંયભૂ પળાયેલ બંધમાં આખુ ગામ જોડાયું હતુ... લારી-ગલ્લાથી માંડી મોટી મોટી પેઢીઓએ બંધ પાળી વહીવટી તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો...

# ઈવીએમ પરના બેલેટ પેપરમાં ઉમેદવારના ફોટા મુકવામાં આવશે

## પંચના આગમન પૂર્વે તંત્રએ તૈયારીઓ વેગીલી બનાવી : મતદારજાગૃતિ અને વી.વી. પેટના નિદર્શન માટે ખાસ વાન બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ઈ.વી.એમ. પર લગાડવામાં આવનાર બેલેટ પેપરમાં ઉમેદવારના ફોટોગ્રાફ્સ પણ હશે.

આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ઈ.વી.એમ. પર જે બેલેટ પેપર હશે તેમાં તેમજ મતદાન મથક બહાર લગાડવામાં આવેલ નમૂનાના બેલેટ પેપરના નમૂનામાં ઉમેદવારના ફોટા લગાવવામાં આવશે.

રાજ્યસભાની ચૂંટણીમાં બેલેટ પેપરમાં ઉમેદવારના ફોટા મુક્યા પછી હવે સામાન્ય ચૂંટણીમાં પણ આ અભિગમ અપનાવવાનો મહત્વનો નિર્ણય ચૂંટણીપંચે લીધો છે. ચૂંટણીપંચ દ્વારા રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીની તૈયારીઓ હવે વેગીલી બની ચૂકી છે.

રાજ્યમાં ચૂંટણી પંચ હવે ગુજરાતમાં ૮મી ઓક્ટો. પછી ગમે તે ઘડીએ આવી પહોંચશે. આને લઈ ચૂંટણીતંત્ર દ્વારા પણ તૈયારીઓની સમીક્ષા હાથ ધરવામાં આવી છે એટલુ જ નહિ પહેલીવાર મોકપોલ મતદાન મથક તૈયાર એક વાનમાં તૈયાર કરી અને સમગ્ર રાજ્યમાં તેને પ્રચારાર્થે મોકલવામાં આવનાર છે. આ મોકપોલ મતદાન મથકમાં વી.વી. પેટનો ઉપયોગ કેવી રીતે થશે તેમજ મતદાર જાગૃતિ અભિયાનની વાતોને વણી લેવામાં આવી છે.

ચૂંટણીપંચે દરેક જિલ્લામાં કર્મચારીઓની તાલિમ પર પણ વિશેષ ભાર મુક્યો છે અને દિપાવલી પછી તુરત જ કર્મચારીઓની તાલીમનું અભિયાન શરૂ થશે. ત્રણ તબક્કામાં તાલિમ આપવાનુ આયોજન કરવામાં આવ્યું છે.

પંચે મતદારયાદીઓ અંગે ઉઠેલી ફરિયાદોને પણ ગંભીરતાથી લીધી છે. અને પંચ આવે તે પહેલાં તે અંગે તપાસ કરી અહેવાલ મોકલી

● અનુસંધાન પાન-૭ પર

# કલેકટર કચેરીમાં જ ૮૦૦થી વધુ તુમાર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર કલેકટર ઓફિસમાં સરકારી મહાનુભાવોની મુલાકાતોની પ્રોટોકોલ ડયુટી તેમજ અન્ય સરકારી કાર્યક્રમોના ભારણ તળે તુમારોનો ખડકલો ઉભો થવા પામ્યો છે.

મળતા અહેવાલો પ્રમાણે જિલ્લાની તમામ કચેરીઓમાં ૧૧૦૦થી વધુ તુમારો ઉભા થયા છે પણ સૌથી વધુ તુમારો કલેકટર કચેરીમાં જ ઉભા થયા છે. કલેકટર કચેરીમાં ૮૦થી વધુ તુમારો તો ઓગષ્ટ અંતિત ઉભા થયા હતા.

જિલ્લાની અન્ય કચેરીઓમાં પણ તુમારોની સંખ્યા છે પણ બે આંકડાની નીચે છે. જો કે વેચાણવેરા સહાયકની કચેરીમાં ૬૦ કરતાં પણ વધુ તુમારો જણાયા છે.

હવે તંત્રના અધિકારીઓ ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત થયા હોવાથી તુમારોના નિકાલની વ્યવસ્થા ડિસેમ્બરના બીજા પખવાડિયા પછી જ હાથ ધરાશે તેમ મનાઈ રહ્યું છે.

# અમીત શાહ અને આનંદીબેન વચ્ચે ગાંધીનગરમાં બેઠક યોજાઈ

## પાટીદાર આંદોલન અને ઉમેદવારોની પસંદગી મામલે ચર્ચાઓ કરાઈ : આનંદીબેને ૪૨ ઉમેદવારોની યાદી સુપરત કરી





ગાંધીનગર, તા. ૨

ભાજપા પ્રમુખ અમીત શાહે પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાથે તેમના નિવાસસ્થાને બેઠક કરતાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. આગામી ડિસેમ્બરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીમાં ભાજપા પ્રમુખ અમીત શાહે ગુજરાતમાં ૧૫૦+ બેઠકો જીતવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તો બીજી બાજુ ગુજરાતની આઈ.બી. અને અન્ય કેટલીક સંસ્થાઓએ ગુજરાતમાં ભાજપને ૧૦૦-૧૧૦ બેઠકો પર જીત મેળવવાના રીપોર્ટ મળ્યો છે. ભાજપા પ્રમુખ ગુજરાતમાં ધાર્યુ પરીણામ મેળવવા માટે આ ચૂંટણીમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને સાથે રાખીને ચૂંટણી લડે તેવા સંકેતો મળી રહ્યા છે. મળતી માહિતી મુજબ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ૪૨ ઉમેદવારોની યાદી રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહને સુપરત કરી ટિકિટ આપવાનો આગ્રહ પણ વ્યક્ત કર્યો હતો. ભાજપા પ્રમુખ અમીત શાહે ગત મોડી રાત્રે ગાંધીનગર ખાતે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નિવાસસ્થાને બેઠક કરીને આગામી ચૂંટણી અંગેની રણનીતિ ઘડી કાઢી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ આ બન્ને નેતાઓ વચ્ચે ચાલેલી મેરેથોન બેઠકોના દોર દરમ્યાન રાજ્યમાં ચાલી રહેલ પાટીદાર અનામત આંદોલન, આગામી ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી સહીતની બાબતો અંગે લંબાણપૂર્વક ચર્ચા કરીને આગામી ચૂંટણી માટેની વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# શહેરની શાળાઓમાં સત્રાંત પરીક્ષાનો આજથી પ્રારંભ

ગાંધીનગર તા ૨

ગાંધીનગર જિલ્લાની તમામ શાળાઓમાં આજથી પરીક્ષાનો પ્રારંભ થશે. અગાઉ અતિવૃષ્ટિના લીધે પરીક્ષાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જયારે વરસાદી સંજોગોમાં શાળાઓમાં રજાઓના લીધે કોર્ષ પુર્ણ ન થયો હોવાથી શિક્ષણ વિભાગે પણ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી જેના લીધે આજથી તમામ શાળાઓમાં ધો-૧ થી ૧૨ ની પરીક્ષા લેવાશે. પરીક્ષા દિવાળી પુર્વે પુર્ણ થઈ જાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગત જુલાઈ ઓગષ્ટમાં રાજયમાં ભારે વરસાદના લીધે પુર તેમજ અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઈ હતી. જયારે આવા સંજોગોમાં શાળા કોલેજો પણ બંધ રાખવા માટે શિક્ષણ વિભાગ દ્વારા આદેશ કરાયો હતો. ભારે વરસાદના સંજોગોમાં મોટાભાગની શાળાઓમાં રજાઓ રહી હતી. જયારે શાળાઓમાં રજા પડવાના લીધે વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ બગડયો હતો. નિયત સમયે કોર્ષ પુર્ણ ન થતા નિયત સમયે પરીક્ષા લેવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ હતુ. જેને ધ્યાને લઈ શિક્ષણ વિભાગ દ્વારા નવરાત્રી પુર્વે જાહેર થયેલી પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો હતો. સમગ્ર રાજયમાં તા ૩ ઓકટોબરથી પરીક્ષા લેવાનો નિર્ણય લેવાયો હતો. આડા દિવસોમાં દરવર્ષે નવરાત પુર્વે પરીક્ષા પુર્ણ થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષે અતિવૃષ્ટિ અને પુરના સંજોગોમાં શાળાઓમાં વિશેષ રજા જાહેર થવાના લીધે શિક્ષકો માટે કોર્ષ પુર્ણ કરવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ હતુ. જેના લીધે શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જયારે નવરાત બાદ તા ૩ ઓકટોબરથી પરીક્ષા લેવાનો નિર્ણય લેવાયો હતો. જે મુજબ મંગળવારથી ગાંધીનગર જિલ્લાની પણ તમામ શાળાઓમાં પરીક્ષાનો પ્રારંભ થશે. નવરાત બાદ શરૂ થનારી આ શાળાકીય કસોટી આગામી દિવાળી પુર્વે પુર્ણ થઈ જશે. પરીક્ષાના પ્રારંભને અનુલક્ષી વિદ્યાર્થીઓ પણ હાલ તૈયારીમાં લાગી ગયા છે.

# પેથાપુરમાં જડબેસલાક બંધ : દિવસ દરમિયાન સુનકાર છવાયેલો રહ્યો

## ડમ્પીંગ સાઇટ તેમજ એસ ટી ના પ્રશ્ને ગ્રામજનોની ગાંધી ચિંધ્યા માર્ગે લડત

ગાંધીનગર તા ૨

પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ ઉભી કરવા ઉપરાંત એસ ટી બસના પ્રશ્ને આજે ગ્રામજનોએ સજ્જડ બંધ પાળ્યો હતો. પેથાપુરના બજારોમાં જડબેસલાક બંધની અસર જોવા મળી હતી. ડમ્પીંગ સાઈટના વિરોધમાં વેપારીઓ તેમજ ગ્રામજનો બંધમાં જોડાયા હતા. જયારે ગામમાં લાંબા સમયથી એસ ટી ની સલામત સવારી આવતી ન હોવા ઉપરાંત કન્ટ્રોલ પોઈન્ટના મુદ્દે પણ બંધના એલાનને સફળ બનાવાયુ હતુ.

પેથાપુરમાં આજે ગાંધી જયંતિના દિવસે ગ્રામજનોએ બંધનુ એલાન જાહેર કરી સ્થાનિક પ્રશ્નોને વાચા આપવા માટે લડત આપી હતી. ગ્રામજનોએ પોતાના વેપાર ધંધા બંધ રાખ્યા હતા. ગામમાં જડબેસલાક બંધના લીધે દુકાનો પર તાળાબંધી જોવા મળી હતી. પેથાપુરમાં લાંબા સમયથી એસ ટી બસો આવતી નથી. જયારે ગામ બહારની ચોકડી નજીકથી પસાર થતી બસો અંદર દાખલ ન થતા ગ્રામજનોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે લાંબા સમયથી કન્ટ્રોલ પોઈન્ટ બનાવાની માંગણીનો પણ અંત આવ્યો નથી. જયારે બીજીતરફ પેથાપુરમાં કોર્પોરેશન દ્વારા ડમ્પીંગ સાઈટ ઉભી કરવાનો પણ નિર્ણય લેવાયો છે. જેના વિરોધમાં આજે ગ્રામજનો દ્વાર બંધનુ એલાન જારી કરવામાં આવ્યુ હતુ.




● અનુસંધાન પાન-૭ પર

# રાજ્ય ગરબા સ્પર્ધામાં પનઘટનો પરચમ લહેરાયો



ગુજરાત રાજ્ય રાસ-ગરબા સ્પર્ધા-૨૦૧૭માં ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રએ પોતાનો પરચમ લહેરાવ્યો છે. પનઘટે પ્રાચીન ગરબામાં પ્રથમ અને અર્વાચિન ગરબામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરીને ગાંધીનગરનું નામ રાજ્યકક્ષાએ પુનઃ એકવાર સુવાસિત કરી દીધું છે. સંસ્થાના સંચાલક અને રાજ્યના જાણીતા કોરિયોગ્રાફર ભાવિન પટેલના માર્ગદર્શનમાં આ ગરબામાં મીતી ભટ્ટ, હિર શુક્લ, અનુપા પંડ્યા, વૈદેહી પંડ્યા, દિવ્યા પંડ્યા, ભવ્યા ભટ્ટ, ભૂમા દવે, ધરતી કંદોઈ, ઈશા ભટ્ટ, ફોરમ તન્ના, હની ચીતરીયા, હિમાંશી ઓડેદરા, મોનિકા ભાટીયા, નૈસર્ગી જોષી, પ્રાચી સાલ્વી, પ્રેરણા તિવારી, પ્રાચી રામી, વિશ્વા રાઠોડ, નિધિ હુડાની, કેતા દેસાઈએ પોતાની કલાનાં ઓજસ પાથર્યા હતાં. વાદ્યવૃંદમાં બલવંત સિંધા, પ્રવીણ સિંધા, ઋજુલ ભટ્ટ અને ગોપન ભટ્ટે પોતાની સેવાઓ આપી હતી. નગરના કલાપ્રેમી નાગરિકો અને સંસ્થાઓ તરફથી પનઘટની વિજેતા ટીમને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.

# ૧૪મા નાણાંપંચમાં વિકાસ કામો બે વર્ષના અંતે ૩૦૦થી વધુ અપૂર્ણ રહ્યા

## તાલુકા વિકાસ અધિકારીઓની બેઠકમાં નારાજગી વ્યક્ત કરતા ડીડીઓ

ગાંધીનગર, તા. ૨

જિલ્લામાં ૧૪મા નાણાંપંચ અંતર્ગત વિકાસ કામોમાં તંત્રના અધિકારીઓ દ્વારા દાખવવામાં આવતા ઉદાસીન વલણ સામે જિલ્લા વિકાસ અધિકારીએ સખ્ત નારાજગી વ્યક્ત કરી છે.

જિલ્લામાં ૧૪મા નાણાંપંચ અંતર્ગત ૧૫૨૦ જેટલા કામોને વહીવટીય અને તાંત્રિક કામગીરીની મંજૂરી આપી દેવાઈ હોવા છતાં બે વર્ષના અંતે ૩૦૦થી વધુ કામો હજુ અપૂર્ણ અથવા પ્રગતિ હેઠળનો અહેવાલ જોઈ તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

ગાંધીનગર અને દહેગામ તાલુકામાં કામો વધુ બાકી હોવાનુ જાણી તેમણે તંત્રના અધિકારીઓને પુરતી કાળજી રાખવા ટકોર કરી હતી.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં ૨૦૧૫-૧૬માં ૧૮૬ કામો મંજૂર થયા હતા જેની સામે ૧૪૫ કામ થયા હતા. જ્યારે ગાંધીનગરમાં ૨૦૧૬-૧૭માં ૨૯૧ની સામે ૨૭૦ કામો થયા છે.

જિલ્લા વિકાસ અધિકારીએ પંચાયતોમાં મિલ્કત જાળવણી નિભાવણી અંગેના રજીસ્ટરો પણ નિભાવવામાં આવતા નહિ હોવાનું જણાવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૫-૧૬માં ૬૧૦ કામોની મંજૂરી સામે ૫૫૭ કામ થયા હતા. જ્યારે ૨૦૧૬-૧૭માં ૯૨૦ કામો સામે ૬૫૫ કામો પૂર્ણ થયા છે.

આ બે વર્ષ દરમ્યાન ૧૪મા નાણાંપંચ અંતર્ગત ૪૫૪૭.૪૯ લાખની ગ્રાન્ટ પંચાયતોને ફાળવવામાં આવી છે જેની સામે ૨૪૧૧.૮૦ લાખનો ખર્ચ થયો છે. ૧૫૧૨ કામ સામે ૧૨૧૨ જ કામ પૂર્ણ થયા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૧૪૧૦ ૧૨૩૫૪, ૯૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com